

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લલચાવી સત્તા પદની જાળમાં - ગૂંથી નાખશે!*
*સ્વાર્થી પક્ષો પાટીદાર એકતાને ચૂંથી નાખશે,*
*જૂથી નાખશે સમાજને નૂખ-વાડાની બંધીમાં -*
*પટેલોને માંહોમાંહે જ બથાવી પીંખી નાખશે.*

હાઈકુ

*બિચારા કપિ!*
*જોયા કરશે ચ્હેરા -*
*બિલ્લી ન્યાયે...*
*(ત્રીજો મોરચો !!)*

*સરકાર શ્રી*
*માંડ્યા છે પાથરવા -*
*લાલ જાજમ...*
*(ફાટફટ થઈ શરૂ)*

### ચિંતન

**કબીર જબ જગ નહીં તબ રહા એક ભગવાન,**
**જીસને દેખા નજર સે, સૌ રહા કૌન મકાન**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**માનવ મન-મોહ, માયા, તૃષ્ણા અને સંતાનો, પત્નિ તથા સમગ્ર સંસાર અને સમજો તો આખુ જગત - આવા બધા વિચારો અને સાંસારિક ભ્રમજાળથી સતત ઘેરાયેલું જ રહે છે. પણ જયારે ઈશ્વરની કૃપા થાય છે ત્યારે એક પરમ તત્ત્વ જાગૃત થાય છે અને તેની મનની દુનિયામાંથી સાંસારિક ભ્રમજાળ અને સમગ્ર જગત અદશ્ય થઈ જાય છે અને ત્યાં માત્ર પરમેશ્વર બિરાજી રહે છે. અત્યાર સુધી તેનાં મનમાં આંખુ જગત સમાતું (વિચારોમાં) તેની જગ્યાએ ફક્ત ઈશ્વર સમાઈ ગયો. કબીર કહે છે કે આવડા મોટા ઈશ્વરને માનવ મન જેવા નાનકડાં મકાનમાં રહેવું કેમ પાલવે ? જેનાં મનમાં પરમ તત્ત્વ એટલે પરમાત્માનો પ્રકાશ ફેલાઈ ચૂક્યો છે, તેને મન હવે આંખુ વિશ્વ એ જ ઘર બની ગયું છે.**

### સુવિચાર

- જે સાબિત કરી શકાય એવું હોય, ત્યાં સુધી જ મન પહોંચે છે, એ અંતઃસ્ફુરણા છે, બધી શોધોના મૂળમાં એવી છલાંગ રહેલી છે - **આઈન્સ્ટાઈન**
- જેને દુનિયા ઈયળનો અંત કહે છે એને ગુરુ પતંગિયાની શરુઆત કહે છે - **રીચાર્ડ બેક**
- આપણી ભીતર શાંતિ હોય તે દિવ્યની ઉપસ્થિતિનો પ્રથમ સંકેત છે - **માતાજી**
- આંતરિક સંબંધોનો બાહ્ય સંબંધો સાથે સતત સધાતો સુમેળ એટલે 'જીવન' - **રજનીશ**
- વિચાર ભૂતકાળનો પ્રતિભાવ છે... જે ટેવો મનમાં વિકસી છે તેમાંથી કોઈ પોતાને મુક્ત કરી શકે છે ખરું?? - **કૃષ્ણમૂર્તિ**
- જયાં સુધી તું તે માર્ગમય બની ગયો નથી ત્યાં સુધી તું માર્ગ પર મુસાફરી કરી શકે તેમ નથી - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : ગરમ પાણીમાં લસણનો રસ મેળવી કોગળા કરવાથી શરદી મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કમનસીબીને કોસ્યા કરતા નાના નાના હકારાત્મક પરિવર્તન સાથે સાચી દિશામાં મહેનત કરવામાં આવે તો જીવનમાં સુખનો અનુભવ જરૂર થાય છે.

એક ગરીબ માણસને નાનું ઘર. ગરીબી લાંબી ચાલી જયાં ત્યાં ધૂળને બાવા ઘરમાં બાઝી ગયેલા. એને કોઈ જીવનમાં ઉત્સાહ નહીં, એને ઘરે કોઈ આવે નહીં. કાયમ એ પોતાની ગરીબીને નસીબને કોસ્યા કરે, એક વાર એ એક સંત પાસે ગયો. સમસ્યાની યાદી રજૂ કરી. સંતે એને એક સુંદર આકર્ષક ફૂલદાની આપીને કહ્યું,

'જાઓ ભાઈ, આ જાદુઈ ફુલદાની તારી ગરીબી દૂર કરશે.' પેલો માણસ ફૂલદાની લઈને ઘરે આવ્યો. ટેબલ પર મૂકી. બીજે દિવસે એને થયું આટલી સરસ ફૂલદાની સાવ ખાલી રહે એ બરાબર નહીં એટલે થોડા ફૂલો લાવી તેમાં ગોઠવ્યા. હવે ફૂલદાની વધારે શોભી ઊઠી. વળી વિચાર્યું કે આટલી સુંદર ફૂલદાનીની આસપાસ ગંદી દિવાલ, જયાં ત્યાં બાવા બાઝી ગયેલા એવું સારું નથી લાગતું એટલે એણે ઘરની સફાઈ શરુ કરી. બાવા જાળાં ઝાપ્ટી નાખ્યા. દિવાલોની સફાઈ કરી, બારીબારણા ધોઈ સાફ કર્યા. સ્વચ્છ થયેલું ઘર ગરીબડું નહોતું દેખાતું, પેલો માણસ પણ નવો ઉત્સાહનો અનુભવ કરતો થયો. હવે એ ગરીબ નહોતો રહ્યો પણ મહેનતું બની ગયો હતો. પોતાના નસીબને કૌંસવા નો કે અફસોસ કરવાનો એની પાસે સહેજે સમય જ નહોતો.

# રેલતંત્રને ધરમૂળથી સુધારવાની જરૂર છે

**તંત્રીસ્થાનેથી...**

ભારતની 'લાઈફ લાઈન' ગણાતી રેલવે કયારેક માનવભક્ષી ડાકણનું સ્વરુપ ધારણ કરે છે ત્યારે આપણને પ્રગતિકૂચની કેટલી આકરી કિંમત ચૂકવવી પડી છે, એનો અહેસાસ થયા વિના રહેતો નથી. મહાત્મા ગાંધીએ છેક ૧૯૦૮માં લખેલ 'હિંદ સ્વરાજ'માં રેલવેને એક અનિષ્ટ ઉપલબ્ધિ ગણાવી હતી. એમાં અલબત્ત, જીવલેણ અકસ્માતોનો ખ્યાલ નહોતો પરંતુ સમાજ વ્યવસ્થા અને પ્રાદેશિક ઓળખ ભૂંસાઈ જવાની ઊભી થનારી અવ્યવસ્થાના અંદેશાથી એમના સંવેદનશીલ હૈયાને થયેલ વેદના વ્યક્ત થઈ હતી. રેલવેના કારણે જ અખંડ ભારત એક રાષ્ટ્ર તરીકે વિકસ્યું છે, એમાં શંકાને સ્થાન નથી. આજે એકસવીમી સદીના પ્રારંભિક તબક્કામાં પણ જન-સાધારણ માટે તો અવરજવરના માધ્યમ તરીકે રેલવે જ સૌથી અગત્યની વ્યવસ્થા છે. પરંતુ બુલેટ ટ્રેનો દોડાવતા જાપાન કે ચીન સહિતનાં એશિયાનાં જ રાષ્ટ્રોમાં જે પ્રકારની સલામતીની ખાતરી પ્રસ્થાપિત થઈ શકી છે તે ભારતનું રેલવે તંત્ર આટલાં વર્ષો પછી પણ યાત્રીઓને ઉપલબ્ધ નથી કરાવી શક્યું તે હકીકત છે. તાજેતરમાં એક પછી એક ગમખ્વાર અકસ્માતોની પરંપરા સરજાતાં આમ આદમીને રેલ મુસાફરી બીકાળવી લાગવા માંડી છે. સુવિધાઓ વધી છે, સ્વચ્છતા ઝુંબેશની પણ સારી અસર થઈ છે અને અગાઉ ગંદકીથી ઊભરાતાં રેલવે સ્ટેશનો પ્રમાણમાં સુઘડ બન્યાં છે એનો જશ જરૂર વર્તમાન સરકાર લઈ શકે; પરંતુ સુરેશ પ્રભુ જેવા મોદીની અંગત પસંદગીના રેલમંત્રી અકસ્માત નિવારણ મુદ્દે કશું યાદગાર પ્રદાન નથી કરી શક્યા, એની નોંધ ભારે હૈયે પણ લેવી જ રહી. સુરેશ પ્રભુને આ આખતું સોંપાયું બલકે કેન્દ્રીય મંત્રીમંડળમાં સમાયવા એ એમની પાર્ટી (શિવસેના)ને નહોતું ગમ્યું, એટલે મોદીએ એમને ભાજપમાં પ્રવેશ અપાવીને ભાજપના ક્વૉટાના મંત્રી તરીકે સ્વીકારી લીધા હતા. આવા 'મેરીટ'ના માનવી પાસે સ્વાભાવિક રીતે જ ખાડે ગયેલ રેલતંત્રને સુધારી ગાડી પાટા લાવવાની અપેક્ષા હતી. બન્યું એથી ઊટલું જ. ગાડીઓ પાટા પરથી સતત ખડતી જ રહી અને રેલ મુસાફરી મોંઘી તથા અસલામતભરી બની ગઈ. રેલવે બોર્ડના ચેરમેનના કે ખુદ રેલમંત્રી પ્રભુના રાજીનામાથી આ ખડી ગયેલી ગાડી પાટા પર ચડવાની નથી. નૈતિકતાના મુદ્દે જવાબદારી સ્વીકારી તે એક વાત છે અને સમસ્યાનો ઉકેલ આણવો તો જુદી વાત છે. લાલ બહાદુર શાસ્ત્રીએ રેલવે મંત્રી તરીકે આવા જ મુદ્દે રાજીનામું આપીને જનમાનસમાં જવાબદાર નેતા તરીકે છાપ ઉપસાવેલી એનું અનુકરણ કરતા સુરેશ પ્રભુ કે એમના નેતા પાસેથી પ્રજાને તો સૌ પ્રથમ સલામતીની જ અપેક્ષા રહેશે. લાલુ, નીતીશ કે મમતા બેનરજીના કાર્યકાળમાં પમ અકસ્માતો થતા રહ્યા છે. એટલે અકસ્માત એ રેલવેનો સ્વભાવ બની ગયો છે ત્યારે મંત્રી કે ચેરમેનના રાજીનામાથી પ્રશ્ન હલ નથી થતો. એ માટે ખૂબ ગંભીરતાભૂર્વક તંત્રને ધરમૂળથી સુધારવું પડશે.

# મેકોલેએ એક અંગ્રેજી 'જાણનાર'ને બીજી અજ્ઞાત એવી બે જ્ઞાતિ હિંદમાં બનાવી

**કારકુનો પેદા કરનારી મેકોલેની પ્રથા આઝાદ ભારતમાં હજુ બરકરાર**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

૧૮૩૫ની સાલ હિંદના કેળવણીના ઈતિહાસ માટે નોંધનીય છે. આ વર્ષમાં લોર્ડ મેકોલેએ શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીને રાખવાની ભલામણ કરી હતી. હિંદમાં અંગ્રેજી શીખવવાના ઉદ્દેશની ચર્ચા કરતા મેકોલેએ કહ્યું હતું કે 'અત્યારે તો આપણે જે કરોડો લોકો ઉપર શાસન કરીએ છીએ તેમની અને આપણી વચ્ચે દુભાષિતાઓ અને એવો વર્ગ પેદા કરવાને માટે આપણાથી બનતો બધો પ્રયત્ન કરવો જોઈએ. એ વર્ગ લોહી અને વર્ણમાં હિંદી પરંતુ રુચિ, અભિપ્રાયો, નીતિમત્તા અને બુદ્ધિ વગેરેમાં અંગ્રેજ હોય.'

કેળવણીના નામે હિંદીઓને વટલાવવાના અને ભારતીય સમાજના બે ઊભા ફાડીયા કરવાની મેકોલેની શિક્ષણ પદ્ધતિના કેટલાંક સારા ગણાય એવા પરિણામ પણ મળ્યા. આ પદ્ધતિએ અંગ્રેજી સાહિત્ય તેમજ રાજકીય સંસ્થાઓ માટે ચાહના પેદા કરી, ભારતીય સમાજ જીવનની રૂઢિઓ સામે વિરોધ અને રાજકીય સુધારા કરવા માટે ઉત્તરોત્તર માગણી જલદ બનાવવાનું કામ કર્યું પણ આ સારા પરિણામો કરતા તેની વિપરીત અસરો વધારે જોવા મળી. મેકોલોની પદ્ધતિ પાયાની જ દોષયુક્ત હતી કારણ કે તે આપણાં ગુલામીના બંધનો મજબૂત કરતી હતી. જે કામ ધર્મ સંસ્થાએ સંકુચિતતા અને નસીબમાં હશે એવી વાત અબુધ અને નિરક્ષર ભારતીયોમાં મૂકી હતી તેમાં કોઈ ફેર પડ્યો નહીં. મહાત્મા ગાંધીએ ૧૯૩૧માં રોયલ ઈન્સ્ટિટયુટ ઑફ ઈન્ટરનેશનલ અફેર્સ સમક્ષ આ બાબતે તીવ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. ગાંધીજીને મેકોલેની શિક્ષણ પદ્ધતિનો વિરોધ કરતાં કહેવું પડ્યું હતું કે 'પચાસ કે સો વરસ ઉપર હતું તેના કરતાં હિંદ આજે વધારે નિરક્ષર છે.' - કેળવણીની આધુનિક ગણાતી આ શિક્ષણ પદ્ધતિ સમક્ષ તેમણે વિવિધ ગણાતી આ શિક્ષણ પદ્ધતિ સમક્ષ તેમને વિવિધ મુદ્દાઓ ટાંકીને ટૂંકી પણ સ્પષ્ટ રજૂઆત કરી હતી.

ગાંધીજીએ રજૂઆત કરી હતી કે મેકોલેએ અને તેમના દેશવાસીઓ ફાળવણીનું સ્વરુપ ખોટી રીતે સમજ્યા છે. પરદેશી શિક્ષણ પદ્ધતિ દાખલ કરીને તથઆ દેશની સંસ્કૃતિનો નાશ કરીને હિંદીઓને કેળવણી આપી શકાય આવો વિચાર એ પાયામાંથી જ ભૂલ ભરેલો છે. મેકોલેની પદ્ધતિ બાળકને તેની ભૌતિક અને સામાજિક પરિસ્થિતિ વિખૂટા પાડે છે. બાળક શાળામાં જે ભણે છે તેને હિંદના સમાજ જીવન સાથે બિલકુલ સંબંધ નથી. ગાંધીજી આવી પહેલી દલીલ રજૂ કરીને સ્પષ્ટ કરે છે કે શિક્ષણ તો બહુ સહજતાથી બાળક આત્મસાત કરે તે માટે પાઠ્યપુસ્તકમાં એના સમાજ અને સમાજજીવનની વાતો વણાયેલી હોવી જોઈએ.

મેકોલેની શિક્ષણ પદ્ધતિએ હિંદમાં નવી 'જ્ઞાતિઓ' પેદા કરી. એક અંગ્રેજી જાણનાર અને બીજી અંગ્રેજીથી 'અજ્ઞાત્' પહેલી જ્ઞાતિ એટલે કે અંગ્રેજી જાણનાર જ્ઞાતિ બીજી જ્ઞાતિને તુચ્છકારથી જોતી થઈ છે. એમ ગાંધીએ કદી કેળવણી તો સહુને જોડવાનું કામ કરે પણ અહીં સમાજના બે ઊભા ફાડીયા થઈ રહ્યા છે એવો સ્પષ્ટ વિચાર રજુ કર્યો હતો.

ગાંધીજીએ બહુ જ સરળ શબ્દોમાં મેકોલેની પદ્ધતિની આકરી ઝાટકણી કરતાં વિવિધ મુદ્દાઓ રજૂ કર્યા હતા. જેમ કે આ પદ્ધતિ પુસ્તકિયા જ્ઞાનને મહત્વ આપે છે અને જુવાનિયાઓને નીચલા દરજ્જાની સરકારી નોકરી માટે તૈયાર કરવાની એક પદ્ધતિ છે. વિદ્યાર્થીઓમાં નાગરિકતાની ભાવના વિકસાવવામાં નિષ્ફળ નીવડી છે. સૌથી અગત્યની બાબત એ છે કે પ્રાથમિક કક્ષાની કેળવણીમાં પ્રગતિ ના થઈ શકે એવી રીતે તેનો અમલ થાય છે. ભારતીયતાને ધ્યાનમાં લેતા આ પદ્ધતિ 'મૂળસોતી જ કોટી છે.'

ગાંધીજીએ તેમની દલીલ અંતિમ દોરમાં સ્પષ્ટ કહ્યું કે મેકોલેએ માત્રને માત્ર બ્રિટીશ વહિવટને વધુ મજબૂત અને ભારતને વધુ ગુલામ બનાવવાનો કારસો જ રચ્યો છે. આખી પદ્ધતિમાં જનસમુદાયની કેળવણી પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવ્યું છે. ઉપલા વર્ગના લોકો કેળવણી પામીને ધીમે ધીમે જનસમુદાય સુધી સંસ્કૃતિ પહોંચાડશે એવો વિચાર તદ્દન ખોટો અને ગુંચવાડા ભર્યો છે.

ખરું જોઈએ તો મેકોલેની શિક્ષણ પદ્ધતિની ગંભીર ક્ષતિઓને જોઈને જ ગાંધીજીએ કેળવણીમાં સુધારા કરવા તરફ લક્ષ આપ્યું હતું. અને જીવાતા સમાજજીવનનો ભાગ કેળવણી બને અને કેળવાયેલા ભારતીય યુવાનો ભારતીય સમાજને શોષણ વિહીન સમાજ રચના તરફ આગળ લઈ જાય એવા વિચારો સાથે શિક્ષણ પ્રણાલિ ઊભી કરવાના પ્રયાસો કર્યા હતા. કાળક્રમે ગાંધીજીના શિક્ષણ આદર્શને આઝાદ થયા પછી પણ આપણે દાખલ કરી શક્યા નથી, એ દુઃખદ છે.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)

# ગાંધી ગોળમેજી પરિષદ અને મેઘાણી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ઓગસ્ટના ઐતિહાસિક માસ સાથે અનેક યાદગાર ઘટનાઓ સંકળાયેલી છે. દેશની મુક્તિના દ્વાર આ મહિનામાં જ ખુલ્યા. લાલ કિલ્લા પરથી એક નવલા પ્રભાતની ઘોષણામાં દેશના કરોડો માનવીઓની આકાંક્ષાઓનો પ્રતિભાવ પડઘાતો હતો. દેશના ભાગલાની લોહીયાળ ઘટના પણ આજ સમયમાં જગતે જોઈ. અનેક નિર્દોષ લોકોનો અકારણ ભોગ આ વિભિષિકાએ લીધો. આઝાદીનો ઉત્સવ દેશમાં ઉજવાતો હતો ત્યારે આ સોનેરી સ્વતંત્રતાના જનક ગાંધીજી બંગાળમાં ડહોળાયેલી સ્થિતિની વચ્ચે દુઃખી ભાંડુઓની વચ્ચે જઈને ઊભા હતા. આ માસમાં જ ગુજરાતના સમર્થ સંશોધક-લેખક પત્રકાર તથા લોક સાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ચોટીલામાં થયો. (તા.૨૮ ઓગસ્ટ-૧૮૯૬) આ માસની જ ૨૯મી તારીખે (૧૯૩૧) બીજી ગોળમેજી પરિષદમાં ઈંગ્લેન્ડ જવા માટે ગાંધીજી ''રાજપૂતાના'' સ્ટીમરમાં બેસીને મુંબઈથી રવાના થયા. કેટકેટલી અસાધારણ ઘટનાઓની સ્મૃતિ ઉરમાં સંઘરીને કાળદેવતા ઊભા હશે!

ગોળમેજી પરિષદમાં બાપુ જતા હોય તેની કથાનો કડીબધ્ધ ઈતિહાસ લખવા સૌરાષ્ટ્રના તે સમયના નિષ્પક્ષ તથા નીડર પત્રકારત્વના મશાલથી અમૃતલાલ શેઠ તલપાપડ થતા હોય તે સ્વાભાવિક છે. તેમના 'સૌરાષ્ટ્ર' અખબારના માધ્યમથી ગોળમેજી પરિષદની ઘટના સાથે વણાયેલા અસંખ્ય રાજકીય તાણાંવાણાં ઉકેલીને તે રજૂ કરવાનો શેઠ સાહેબનો પ્રયાસ હતો. પરંતુ આ બધી ઘટનાઓ વચ્ચે સમગ્ર પ્રસંગના કેન્દ્ર સમાન ગાંધીજીના મનોજગતનું ચિત્રણ કોણ કરી શકે? તંત્રી અમૃતલાલ શેઠ જાણતા હતા કે આ કામ માત્ર મેઘાણી જ કરી શકે! મેઘાણીભાઈ કવિ હતા. દ્રષ્ટા હતા. તેમની તીક્ષ્ણ અને જાગૃત દ્રષ્ટિએ આ પ્રસંગને અનુરૂપ એક અમર રચનાનું સર્જન થયું. રચના એવી ધારદાર કે તે ગાંધીને પણ સ્પર્શી ગઈ તેની પ્રતિતિ મહાદેવભાઈના લખાણ પરથી થાય છે. બાપુની ગોળમેજી પરિષદના પ્રયાણના આખરી સમયે જ ગીત રચાયું. ગીતની કેટલીક પ્રતો કઢાવીને આ ગીતના શબ્દો તાબડતોબ મુંબઈ પહોંચાડવાનો અર્થપૂર્ણ પ્રયાસ થયો. મુંબઈ બંદર પરથી ગાંધીજીની વિદાયના ટાણે ગીતની પ્રતોની વહેંચણી થઈ. પ્રસંગનું ગાંભીર્ય તો હતું જ. પરંતુ આ ઉજળા પ્રસંગને ચાર ચાંદ લગાડવાનું વિરાટ કાર્ય મેઘાણીની નીવડેલી કલમે કર્યું. રાષ્ટ્રપિતાના મનોભાવો તથા વેદનાનું આવું ચિત્રણ કદાચ કોઈ પણ ભાષાના પદ્ય કે ગદ્યમાં મળવું મુશ્કેલ છે. સમગ્ર હિન્દુસ્તાન પૂરા આદરથી ગાંધીને 'ખુદા હાફીઝ' કહે છે. સત્યની આફરી તાવણી માટે ઝેરનો કટોરો પી જવા માટે કવિ આગ્રહ કરે છે!

છેલ્લો કટોરો ઝેરનો! આઃ પી જજો બાપુ
સાગર પીનારા! અંજલિ નવ ઢોળજો બાપુ
સુર અસુરના આ નવયુગી ઉદધિ- વલોણે
શી છે ગતાગમ રત્નના કામી જનોને !
તું વિના શંભુ ! કોણ પીશે ઝેર દોણે
હયા લગી ગરવા ગરલ ઝટ જાઓ રે બાપુ!
ઓ સૌમ્ય-રૌદ્ર! કરાળ-કોમલ! જાઓ રે બાપુ!

બાપુની વિરાટ પ્રતિભા મેઘાણીભાઈના શબ્દોમાં કાળા વાદળોની વચ્ચે વિજ ચમકે તેમ આ કૃતિમાં ચમકી રહે છે. 'રાજપૂતાના' સ્ટીમરે પંથ ખેડવાનો પ્રારંભ કર્યો તે પછી મહાદેવભાઈ અનેક પત્રો સાથે મેઘાણીભાઈનું આ કાવ્ય પણ બાપુને વાંચવા આપે છે. આ રચના વાંચીને ગાંધીજીએ કહ્યું: ''મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે તે તદ્દન સાચું છે.'' આરપાર જોઈ શકવાની આવી કવિ દ્રષ્ટિ જગતે બહુ ઓછા કિસ્સામાં જોઈ હશે. ગાંધીજી સાથે મુસાફરી કરનારાઓમાં પંડિત મદનમોહન માલવીયા, સરોજિની નાયડુ, ઘનશ્યામદાસ બિરલા તથા મીરાંબહેન વગેરે હતા. ઘનશ્યામદાસજી બિરલાએ આ યાત્રાના પ્રારંભની સ્મૃતિને સંકોરતા લખ્યું હતું. (૨૯ ઓગસ્ટ ૧૯૩૧):

''મુંબઈ બંદરથી ગાંધી નીકળ્યા ત્યારે જ ઝરમર ઝરમર વરસાદ શરૂ થયો. જાણે ઈન્દ્ર વિદાયના આંસુ સારી રહ્યો હતો. પરંતુ બાપુને વળાવવા આવેલો વિશાળ માનવ સમુદાય પોતાની જગાએથી ખસતો ન હતો. ચારે બાજુ પાણી જ પાણી.. તેની વચ્ચે અમારી નાનકડી દુનિયા- 'રાજપૂતાના આગબોટ'. હિન્દના હદય સમ્રાટની ઐતિહાસિક યાત્રાનું આ દ્રષ્ય સાચે જ હદય પિગળાવનારું છે.'' યુરોપના દરિયાકાંઠે ગાંધી ઉતરે તે પહેલા જ ઈંગ્લેન્ડના છાપાઓમાં તેમને એક વિચિત્ર રીતે જીવતા અર્ધચક્રમ તરીકે ચીતરવાનો પ્રયાસ થયો હતો.

બાપુના ખોરાકની ટેવ તથા બકરીના દૂધ અંગેનો તેમનો આગ્રહ તેમને મજાકનું પાત્ર બનાવવા માટેના સુલભ સાધનો હતા. લંડનની સડક પર શરદરૂતુની ટાઢમાં ખાદીની પોતડી પહેરીને તથા શાલ ઓઢીને લોકોએ ગાંધીને ફરતા જોયા હતા. જોકે ઈંગ્લેન્ડના સામાન્ય લોકોનો ગાંધી તરફનો પ્રતિભાવ સંપૂર્ણ સ્નેહોદરયુક્ત હતો. બ્રિટીશ સરકારની વ્યવસ્થા સ્વીકારીને તેમના મહેમાન બનવાનું ગાંધીએ પસંદ ન કર્યું. આમ પ્રજાની વચ્ચે તેઓ કિંગ્સલી હોલમાં રહ્યા તેની પણ એક મોટી અસર ઊભી થવા પામી.

ગોળમેજી પરિષદમાં કોઈ ચમત્કારી પરિણામ આવે તેવી આશા ભાગ્યે જ કોઈની હતી. પરંતુ બાપુએ ઈંગ્લેન્ડના વિશાળ માનવ સમુદાયની હિન્દુસ્તાનની મુક્તિ માટેની લડત માટે વ્યાપક સહાનુભૂતિ મેળવી હતી આ એક મોટી સિધ્ધિ હતી. બાપુ જ્યારે ગળમેજી પરિષદમાંથી હિન્દુસ્તાનમાં પાછા આવ્યા ત્યારે પણ મેઘાણીભાઈએ આ ઐતિહાસિક યાત્રાના નાયકને વધાવતી પંક્તિઓ લખી! શાયર ભાવુક થઈને ગાંધી જે માર્ગે આવતા હતા તે સાગરને જાગૃત થવા આહવાન કરે છે. દેશનો 'પ્રાણધાર' પાછો આવે છે તેની સુખ-સુવિધા માટે સાગરને 'હૈયે હિંડોળા બાંધવાની' વાત આ કવિજ કરી શકે!

સૂતો રે હોય તો જાગજે સાયર!
ઘેર આવે પ્રાણધાર
હૈયે તારે બાંધ હિંડોળા
મોભી મારો ખાય બે ઝોલા....
માતા ! તારો બેટડો આવે
આશાહીન એકલો આવે.

કાવ્યની અંતિમ પંક્તિઓમાં કવિએ મા-માતૃભૂમિના ગાંધી તરફના વાત્સલ્યનો ભાવ અતિ સુંદર તેમજ અર્થસભર શબ્દોમાં ગૂંથ્યો છે:

તારી કમાઈ ગુમાઈનો રે
મારે માગવો નોય હિસાબ
બેટા ! તારી ખાકની ઝોળી
માતા કરે મન અમોલી.

શ્રાવણની ભીનાશ લઈને જન્મેલા આપણા મહાકવિ મેઘાણીની ઓગસ્ટ માસમાં વિશેષ સ્મૃતિ થાય તે સ્વાભાવિક છે. કવિ કાગે તેમને ઉચિત અંજલિ આપતા શબ્દો લખ્યા છે:

હું ભમીયો ભાયાણી
સાતે સાયર ઉતર્યો
પણ મર્મી મેઘાણી
'કાગે' ન દીઠો કાળાઉત.

# જીભથી સરકી પછી, એ વાત અંગતના ન રહી, એટલી ચર્ચાઈ કે એની નજાકત ના રહી



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા નવતર પ્રયોગ નામાંકિત કવિઓની બે પંક્તિ પરથી રચનાસર્જન

મા ગુર્જરીના પનોતા ગુજરાતી સાહિત્યના સંવર્ધન, પ્રચાર અને પ્રસાર સારુ, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અવનવા કાર્યક્રમો યોજવામાં આવે છે. આગામી સપ્ટેમ્બર માસના બીજા રવિવારે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એક નવતર કાર્યક્રમ યોજવામાં આવેલ છે, જેમાં બે કવિઓની રચનાની બબ્બે પંક્તિઓ નીચે મુજબ આપવામાં આવેલ છે, જે પંક્તિઓ પરથી નગરના કવિઓ કૃતિઓ સપ્ટેમ્બર માસની સભામાં રજૂ કરી, તેનું સ્વમુખે પઠન કરશે.

પંક્તિઓ :

(૧) જીભથી સરકી પછી, એ વાત અંગતના ન રહી,
એટલી ચર્ચાઈ કે એની નજાકત ના રહી.

- હરીશ ધોબી

(૨) હજુયે ચૂસું છું, સ્મરણોનો મધમીઠો એ સાંઠો,
છમ્મ લીલુડી ભોમ અને વાત્રકનો ભીનો કાંઠો.

- કરસનદાસ લુહાર

ઉપરોક્ત પંક્તિઓ લઈ, તે પછીની રચનાને ઉમેરો કરી, એક નવીન કૃતિના સર્જન અર્થે, નગરના સર્જકો, સભ્યોને ભાવભીનું આમંત્રણ છે. આશા છે કે હવે ગાંધીનગરના સર્જકો ઉપર મુજબની પંક્તિઓ લઈને, પોતાની મૌલિક રચનાઓ સાથે આગામી સભામાં પધરાશે.

૨૦૧૪ માટે જાહેર થયેલા શ્રેષ્ઠ પુસ્તકોના પારિતોષિકોમાં ગાંધીનગરના છ કવિ, લેખક, અનુવાદક ને સન્માનિત કરવામાં આવ્યા છે. જેમાં (૧) સને ૨૦૧૪માં લોક સાહિત્ય વિભાગમાં શ્રી રાઘવજી તૃતીય અને વર્ષ ૨૦૧૫માં 'ટૂંકી વાર્તા' વિભાગમાં 'પ્રેમ પછી' વાર્તાસંગ્રહ માટે તેઓને દ્વિતીય પારિતોષિક એનાયત થયું. જયારે (૨) સને ૨૦૧૫માં કવિ અને લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટને તેઓના ચોથા કાવ્યસંગ્રહ 'મંત્રોચ્ચાર' માટે દ્વિતીય પારિતોષિક (૩) સને ૨૦૧૫માં પ્રજ્ઞા પટેલને તેમના પ્રવાસ નિબંધ 'શિવભૂતિનો સાદ' માટે દ્વિતીય પારિતોષિક અને (૪) સને ૨૦૧૪માં બાળ વિભાગમાં પ્રકાશ લાલાને તેઓના બાળાનાટ્યસંગ્રહ 'દીવાની પ્રગટે દીવા'ને પ્રથમ પારિતોષિક અને (૫) વર્ષ ૨૦૧૫માં આ જ વિભાગમાં 'બાળકાવ્ય' વિભાગમાં કીર્તિદા બ્રહ્મભટ્ટને તેમના બાળકાવ્ય સંગ્રહ 'પાંચીકડાં' માટે પ્રથમ પારિતોષિક તથા (૬) અનુવાદ વિભાગમાં સને - ૨૦૧૫ માટે કુન્દનબેન દવેએ તેમના 'આસ્વાદ' અનુવાદ માટે તૃતીય પારિતોષિક દ્વારા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની અધ્યક્ષતામાં અને અકાદમીના અધ્યક્ષતામાં અને અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાની વિશેષ ઉપસ્થિતિમાં સન્માનિત કરી નવાજવામાં આવ્યા આ પ્રસંગે ગુજરાતી ભાષાના વરિષ્ઠ સર્જકો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ખુશીની બાબત એ છે કે, ગાંધીનગરના આ સન્માનિત છ સભ્યોમાં પાંચ સભ્યો ગાંધીનગર સાહિત્યસભાના માનવતાં સભ્યો છે. જે ગાં.સા સભા માટે એક ગૌરવની બાબત છે. આ સર્વે નગરવાસીઓને ખૂબ ખૂબ અભિનંદન.

● દર સાલ પૂજય સંત મોરારિ બાપુ પ્રેરિત આદ્ય કવિ નરસિંહ મહેતા સ્મારક નિધિ દ્વારા ગુજરાતી ભાષાના લોકપ્રિય કવિને 'નરસિંહ મહેતા' એવોર્ડથી વિભૂષિત કરવામાં આવે છે. જેમાં સને ૨૦૧૭ માટે આ એવોર્ડ ગાંધીનગરના અગ્રણી સાહિત્ય સર્જક, ભક્તિ સંપ્રદાયના કવિ અને મધ્ય ગુજરાતમાં સેંકડો અનુયાયીઓ ધરાવતા ગાદીપતિ દલપતભાઈ પઢિયારને પસંદ કરવામાં આવ્યા છે. લોકભોગ્ય ભાષાના કવિ અને લેખક દલપતભાઈ પઢિયારનાં ભક્તિનાં ભજનો અને કવિતાઓ લોકજીભે વ્યાપક રીતે ગવાય છે અને વંચાય છે. આ ગાંધીવાદી દલપતભાઈની ઘણી કવિતાઓ અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકોમાં પણ સ્થાન પામેલ છે. ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યને મળેલ આ એવોર્ડએ સાહિત્યસભા માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. સાથેસાથે નગર અને ગુજરાતી સાહિત્યને ગૌરવવંતુ બનાવનાર આ પાઠપરંપરાના લોકપ્રિય કવિને ખૂબ ખૂબ અભિનંદન સહ અંતરની શુભકામનાઓ.

● ઈસ્ટીટયુટ ઑફ જૈનોલોજીના ઉપક્રમે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યની માતા 'પાહિણી દેવી'ના ભાવવિશ્વની એકપાત્રીય અભિનય દ્વારા અર્ચના જહોની શાહની પ્રસ્તુતિનો કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો, જેમાં કુમારપાળ દેસાઈનું 'જૈન ઈતિહાસનાં યશસ્વી નારીપાત્રો' વિશેનું વકતવ્ય અતિથિવિશેષ જયશ્રી લાલભાઈ તથા મુખ્ય મહેમાન પ્રીતિ અદાણીની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યું હતું.

● 'સાહિત્ય અને જ્ઞાનપ્રસારમાં પુસ્તકાલયનું પ્રદાન' વિષેનો ગ્રંથાલય પરિસંવાદ યોજાઈ ગયો જેમાં દીપપ્રાગટય ચંદ્રકાન્ત શેઠે મહાનુભાવો પંકજ બાવિશી, મહાદેવભાઈ દેસાઈ, કૌશિક શાહ, અને મણિલાલ પ્રજાપતિની વિશેષ ઉપસ્થિત અને સહયોગથી કરવામાં આવ્યું હતું.

● વિશ્વકોશ લલિત કલા કેન્દ્રના ઉપક્રમે વિશેષનું ભાવસભર વ્યાખ્યાન અને ચિત્ર-પ્રદર્શન યોજાઈ ગયું.

- muljibhaidadhi@gmail.com